Vol. 6, Issue: 11, November: 2018 (IJRSML) ISSN: 2321 - 2853

# અમદાવાદના ઈતિહાસ વિશે લખાયેલા ગુજરાતી ગ્રંથો

કાનજીભાઈ ખેંગારભાઈ દેસાઈ
અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ,
શ્રી સહજાનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ગુજરાત યુનિ.,અમદાવાદ ગુજરાત

ઈતિહાસ વિભાગ, સમાજ વિદ્યા ભવન, ગુજરાત યુનિ., અમદાવાદ દ્વારા આયોજિત "વર્લ્ડ હેરિટેજ સીટી અમદાવાદ" કમ્યુનિટી, સોસાયટી એન્ડ હિસ્ટ્રી વિષય પર યોજાયેલ નેશનલ સેમિનાર ૨૪મી અને ૨૫મી માર્ચ-૨૦૧૮ માં રજૂ કરેલ શોધપત્ર.

## ૧. પ્રસ્તાવના

ગુજરાત ભારતના પશ્ચિમ ભાગમાં તથા અરબ સાગરના કિનારે આવેલું મહત્વનું રાજ્ય છે. તેની ઉત્તર-દક્ષિણ લંબાઈ ૫૯૦ કિ.મી. અને પૂર્વ-પશ્ચિમ પહોળાઈ ૫૦૦ કિ.મી. જેટલી છે. તેનું ક્ષેત્રફળ ૧,૯૬,૦૨૪ ચોરસ કિ.મી. જેટલું છે. તેનો દરિયા કિનારો ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો છે.ગુજરાતના કચ્છમાં ઉત્તરે મોટું રણ અને મધ્યમાં નાનું રણ છે જેનું ક્ષેત્રફળ લગભગ ૨૭,૨૦૦ ચોરસ કિ.મી. છે. મધ્યગુજરાતની ધરતી ખૂબ જ ફળદ્રુપ છે, જ્યારે સૌરાષ્ટ્રમાં ગિરનાર, ચોટીલા, શેત્રુંજય જેવા ડુંગરો છે, ઉત્તર ગુજરાતમાં ખેડબ્રહ્મા, ઈડર, અંબાજી, દાંતા, શામળાજી વગેરે જગ્યાએ ડુંગરો છે, દક્ષિણ ગુજરાતમાં પાવાગઢ, રાજપીપળાની ટેકરીઓ, તાપીની દક્ષિણે સાતમાળાના પર્વતો, સાપુતારા વગેરે જેવા પર્વતીય વિસ્તારો આવેલા છે.ગુજરાતમાં નર્મદા, તાપી, સાબરમતી, મહી, બનાસ, સરસ્વતી, ભાદર, મચ્છુ, શેત્રુંજી વગેરે જેવી મહત્વની નદીઓ છે. ગુજરાતનાં મોટાભાગનાં શહેરો નદી કિનારે વસેલાં છે. જેમ કે નર્મદાના કિનારે-ભરૂચ, તાપીના કિનારે-સુરત, દમણગંગાના કિનારે-સેલવાસ, સાબરમતીના કિનારે-અમદાવાદ, વિશ્વામિત્રીના કિનારે-વડોદરા, ગોમતીના કિનારે-ડાકોર, બનાસના કિનારે-ડીસા, વાત્રકના કિનારે-મહેમદાવાદ, ભાદરના કિનારે-જસદણ, ભોગાવોના કિનારે-ચોટીલા, મચ્છુના કિનારે-મોરબી, આજીના કિનારે-રાજકોટ, ગોમતીના કિનારે-દ્વારકા, રૂપેણના કિનારે-મહેસાણા વગેરે છે. ગુજરાતમાં કુલ ૩૩ જિલ્લાઓ, ૨૫૦ તાલુકાઓ અને ૧૮૨૨૫ જેટલાં ગામડાંઓ છે.

ગુજરાત સંતો-મહંતો તથા કવિઓ-લેખકોની ભૂમિ છે. જેમ કે આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી-ટંકારાના હતા. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીએ ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવેલી,કચ્છમાં - દાદા મેદરણ, ખીમસાહેબ-રાપરમાં, કચ્છમાં હરિદાસ સ્વામી - જૂનાગઢમાં નરસિંહ મહેતા, સત્તાધારમાં આપાગીગા, સરસાઈ ગામમાં સંત રોહીદાસ અને બીલખામાં શેઠ સગાળશા, વીરપુરમાં જલારામ, અમરેલીમાં સંત પીપા, ભાવનગર જિલ્લામાં મોરારી બાપુ,બગદાણામાં બજરંગદાસ, વિજાપુરમાં બુધ્ધિ સાગર મહારાજ (મહુડીવાળા) વગેરે મહત્વનાછે.

Vol. 6, Issue: 11, November: 2018 (IJRSML) ISSN: 2321 - 2853

ગુજરાતના ઘણા પ્રદેશોમાં છેક પાષાણયુગથી માનવજીવન અમલમાં હતું. સાબરમતી, મહી, રેવા (નર્મદા) બનાસ વગેરે નદીઓના પ્રદેશો તથા કોતરોમાંથી પ્રાગૈતિહાસિક કાળના અવશેષો પ્રાપ્ત થયા છે. રંગપુર (જિ. સુરેન્દ્રનગર), લોથલ (જિ. અમદાવાદ), કોટ અને પેઢામલી (જિ. મહેસાણા), લાખા બાવળ અને આમરા (જિ. જામનગર), રોજડી (જિ. રાજકોટ), ધોળાવીરા (જિ. કચ્છ) વગેરે જગ્યાએથી હડપ્પા અને મોહેંજોદડોની સંસ્કૃતિના અવશેષો મળી આવે છે. મહાભારત કાળમાં શ્રીકૃષ્ણે બેટદ્વારકામાં રાજધાની સ્થાપી હતી. મૌર્ય યુગમાં સૌરાષ્ટ્રના સૂબા પુષ્યગુપ્તે ગિરિનગર (જૂનાગઢ) પાસે સુદર્શન નામે જળાશય બંધાવ્યું હતું. ગુપ્તયુગના સિક્કાઓ પણ સૌરાષ્ટ્રમાંથી મળી આવ્યા છે. મૈત્રક યુગમાં ભાવનગર પાસે વલ્લભીપુરમાં ગુજરાતની સ્વતંત્ર સત્તા સ્થપાઈ હતી. સોલંકી યુગ ગુજરાતનો સુવર્ણયુગ ગણાય છે.પાટણને રાજધાની બનાવીને ચાવડાવંશ, સોલંકીવંશ, વાઘેલાવંશે શિલ્પ સ્થાપત્ય કલાક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી હતી.

મધ્યકાલિન સમયમાં અલાઉદ્દીનથી ગુજરાત દિલ્હી સલ્તનતનો ભાગ બન્યું. ત્યારબાદ મુઝફ્ફરશાહ પહેલાએ ગુજરાતનાં સ્વતંત્ર સલ્તનત ચાલુ કરી. આધુનિક યુગમાં બ્રિટીશ યુગ દરમ્યાન અને ત્યારબાદ સ્વતંત્રતા સંગ્રામમાં પણ ગાંધીજી અને છેલ્લે આઝાદી બાદ ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળ મહાગુજરાતની ચળવળ અને ૧ લી મે ૧૯૬૦ થી ગુજરાતની રચના થઈ અને તેનું પાટનગર અમદાવાદ બન્યું. જેને ૧૯૭૧ થી ગાંધીનગર મુકામે લઈ જવામાં આવી.

ગુજરાતના લાંબા અને સમૃદ્ધ ઈતિહાસની માહિતી આપતાં ગુજરાતમાં સ્થળ-વિશેષ લખાયેલાં અનેક પુસ્તકો ઈતિહાસગ્રંથો છે. જેમ કે ખંભાતનો ઈતિહાસ – રત્નમણિરાવ જોટે, જૂનાગઢ અને ગિરનારનો ઈતિહાસ – શંભુપ્રસાદ દેસાઈ, વડોદરાનો ઈતિહાસ – રમણલાલ નાગરજી મહેતા, સુરતની મુખ્તેસર હકીકત - નર્મદ, સુરત સોનાની મુરત – ઈશ્વરલાલ દેસાઈ, પાટણનો ઈતિહાસ – મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય, ભાવનગર રાજ્યનો ઈતિહાસ – પી.જી.કોરાટ અને એસ.વી.જાની જેવાં અનેક પુસ્તકો ઈતિહાસગ્રંથોમાંથી ઉપર મુજબની માહિતી મળી આવે છે. પાટણ,ચાંપાનેર, સુરત, અમદાવાદ એ બધાં શહેરો વર્ષો સુધી પાટનગર અને મહત્વનાં કેન્દ્રો રહ્યાં છે. એટલે સ્વાભાવિક રીતે જ તેના ઉપર અસંખ્ય પુસ્તકો તથા ઈતિહાસના ગ્રંથો લખાયા જ હોય. આ ઉપરાંત રમેશ દવે, અચ્યુત યાજ્ઞિક, મકરન્દ મહેતા, હેવર્ડ, એમ.એસ.પથરાવાલા, શ્રીરામ ભટ્ટ અને મફતલાલ દૂધિયા, સિઝવાન કાદરી વગેરેએ પણ અમદાવાદ વિશે મહત્વના ગ્રંથો લખેલા છે. આ ગ્રંથમાં અમદાવાદ વિશે લખાયેલા બે મહત્વના ગુજરાતી ગ્રંથો ૧. 'અમદાવાદનો ઈતિહાસ', ૨. 'અમદાવાદ ગુજરાતનુ પાટનગર'નો સમીક્ષાત્મક પરિચય આપવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે.

હવે અમદાવાદના ઈતિહાસ વિષયના બે પુસ્તકો વિશે વિગતવાર જોઈએ.

**૨."અમદાવાદનો ઈતિહાસ" - લેખક : મગનલાલ વખતચંદ શેઠ**

**પ્રકાશક :** "ગુજરાત વર્નાક્યુલર સોસાયટી", અમદાવાદ, ૧૮૫૧

**(અ) લેખક પરિચય : મગનલાલ વખતચંદ શેઠ**

ઈ.સ. ૧૮૩૦માં અમદાવાદની નાગજી ભુદરની પોળમાં વિશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિમાં તેમનો જન્મ થયો હતો. મુંબઈમાં મેટ્રીકની જે પહેલી પરીક્ષા થઈ હતી તેમાં અમદાવાદના મગનલાલ વખતચંદ શેઠ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા હતા. એ વર્ષે બે વિદ્યાર્થીઓ પાસ થયા હતા. તેઓએ પ્રાથમિક શિક્ષણ ભદ્ર વિસ્તારમાં શરૂ થયેલી સરકારી અંગ્રેજી શાળામાં મેળવ્યું હતું. એ.કે.ફોર્બસ જેવા અમલદારે તેમને બિરદાવ્યા હતા. તેઓ માસિક રૂા. ૫૦/- ના પગારથી તેમની જ અંગ્રેજી શાળામાં સહાયક તરીકે જોડાયા. તેઓ શિક્ષકની કામગીરી સાથે-સાથે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાંઅનુવાદક તરીકે તથા કારકૂન તરીકે પણ સેવાઓ આપતા હતા.તેમની ક્ષમતા જોઈને એ.કે.ફોર્બસે તેમની વર્નાક્લુયર સોસાયટીમાં સહાયક મંત્રી તરીકેની નિમણૂંક પણ કરી. મગનલાલે "બુધ્ધિ પ્રકાશ" માં "આળસુ છોકરો", "કપાસનો છોડ", "કાઉડી", "સાકર", "નિમકલાલ નોકર", "શીબી", "સત્ય" વગેરે ઉપર લેખો લખ્યા. જેને સોસાયટીએ પુસ્તિકા સ્વરૂપે પ્રગટ કર્યા. ઈ.સ.૧૮૫૭માં અમદાવાદમાં મ્યુનિસિપાલિટીમાં સેક્રેટરી તરીકે અને ત્યારબાદ ટેક્સ કલેક્ટર તરીકેની જવાબદારીઓ નીભાવી. ઈ.સ. ૧૮૬૨માં બોમ્બે બેંકમાં જોડાયા અને ત્યારબાદ "રોયલ બેંકે" તેમને અધધ રૂા. ૫૦૦/- નો પગાર આપવા માંડ્યો.તેઓ કોઈના પણ અંગ્રેજી પ્રવચનનુંભાષાંતર તરત જ ગુજરાતી શ્રોતાઓને કહી શકતા હતા. તેઓ ૩૮ વર્ષનું ટૂંકુ આયુષ્ય ભોગવી ૧૧ મી માર્ચ ૧૮૩૮ ના રોજ અવસાન પામ્યા.

### (બ) "અમદાવાદનો ઈતિહાસ" લખવાનો ઉદ્દેશ

અમદાવાદમાં વિદ્યાપ્રેમી અંગ્રેજી અફસર એલેક્ઝાંડર ફોર્બસના સહયોગથી "ગુજરાત વર્નાક્યુલર સોસાયટી" ની રચના થઈ હતી. આ વિદ્યાપ્રેમી વ્યક્તિના આગ્રહથી "ગુજરાત વર્નાક્યુલર સોસાયટી"એ અમદાવાદનો ઈતિહાસ લખવાનું ઠરાવ્યું. અને જેનો ગ્રંથ પસંદ પડશે તેને રૂા. ૫૦/- નું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી. આ વખતે મગનલાલની ઉંમર માત્ર ૨૦ વર્ષની જ હતી. પણ એમણે આ બીડું ઝડપી લીધું. એમણે ઘણાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને મરાઠી પુસ્તકોનો અભ્યાસ કરીને "અમદાવાદનો ઈતિહાસ" લખ્યો. તેમનું આ પુસ્તક માત્ર ઈનામ વિજેતા જ નહિં પરંતુ અમદાવાદના ઈતિહાસ વિશેનું પહેલું ગુજરાતી પુસ્તક બની રહ્યું.

### (ક) "અમદાવાદનો ઈતિહાસ" ગ્રંથનું વિષય વસ્તુ :-

આ પુસ્તક ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. જેમાં પહેલા ભાગમાં ૧૯ જેટલાં પ્રકરણોનો સમાવેશ થાય છે. શહેરનું વર્ણન, અહમદશાહે શહેર શી રીતે વસાવ્યું ? અને વસાવતાં કેવી તકલીફો પડી તેમજ સુલતાન મહંમદ બેગડો, મુઝફ્ફર શાહ બીજો અને અકબરના શાસન પછીના સુબેદારો વગેરે વિશે રોચક માહિતી આપેલી છે. જે માત્ર ૩૦ જેટલા પેજમાં જ વધુમાં વધુ વિગતો આપવામાં તેઓશ્રી સફળ રહેલ છે.

એ જ રીતે બીજો ભાગ અમદાવાદના અર્વાચીન ઈતિહાસ વિશે વાત કરે છે. તેમાં કુલ ૧૨ જેટલા પ્રકરણોનો સમાવેશ કરાયેલો છે. તેમાં ગાયકવાડ તથા પેશ્વાના હાથમાં અમદાવાદ કેવી રીતે આવ્યું ? અને અંગ્રેજ સરકારના હાથમાં અમદાવાદ કેવી રીતે આવ્યું ? તેમજ ગાયકવાડ-પેશ્વા રાજ્યના પહેરવેશ વિશેની વિશિષ્ટ વિગતો તેમાં આપવામાં આવેલી છે.

*અમદાવાદની (૧૮૫૦ સુધીની) અવસ્થાનું બયાન આ પુસ્તકનો ત્રીજો ભાગ કરે છે. તેમાં કુલ સાત જેટલા પ્રકરણોનો સમાવેશ થાય છે. જેમાં વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના, સહજાનંદ સ્વામીનું જન્મચરિત્ર, શેઠ હઠીસિંહ કેશરીસિંહનું જન્મ ચરિત્ર, નગરશેઠ મગનભાઈની વંશાવળી વગેરે વિશે વિસ્તૃત માહિતી આપી છે. શ્રી મગનલાલ વખતચંદ શેઠે ઈ.સ. ૧૮૫૦માં લખેલો "અમદાવાદનો ઈતિહાસ" એ આ વિષય પરનં પહેલું ગુજરાતી પુસ્તક ગણાય છે. તેમાં મગનલાલે અહમદશાહના સમયથી મરાઠારાજ અને છેક અંગ્રેજી રાજ સુધીનો સમય માંડ સવાસોથી પણ ઓછા પાનામાં આવરી લીધો છે. મગનલાલ શેઠ તાલીમબદ્ધ ઈતિહાસકાર ન હતા. તેમ છતાં ઈતિહાસમાં ઉપયોગી ખૂબ જ માહિતી તેમના પુસ્તકોમાંથી મળે છે. ૧૮૫૭ ના દાયકામાં અમદાવાદમાં આશરે ૯૧,૦૦૦/- જેટલી વસ્તી હતી તેમાંથી ફક્ત બે જ વિદ્યાર્થીઓ મેટ્રીકમાં પાસ થયા હતા. તે વખતે મેટ્રીકની પરીક્ષા મુંબઈમાં આપવી પડતી હતી. મગનલાલને તેમની આ ડિગ્રીના લીધે જ નોકરીઓની હારમાળા સાંપડી હતી. ત્યારબાદ વર્નાક્યુલર સોસાયટીએ સમયાંતરે ઈ.સ. ૧૮૫૧ પછી પણ "અમદાવાદનો ઈતિહાસ" એ શિર્ષક હેઠળ લેખો, નિબંધો, પુસ્તકો લખાવવાનું ચાલુ રાખ્યું. વર્નાક્યુલર સોસાયટીએ તેમને ગુજરાતનો ઈતિહાસ લખવાની જવાબદારી પણ સોંપી જેના મહેનતાણા પેટે તેઓને રૂા. ૨૦૦/- પણ આપ્યાં. તેમના પુસ્તકના લગભગ પોણો સો વર્ષ પછી ઈ.સ. ૧૯૨૮માં અમદાવાદનો વિસ્તૃત ઈતિહાસ લખનાર રત્નમણિરાવ ભીમરાવ જોટેએ પણ લખ્યું હતું કે તેમને તેમના લેખમાં મગનલાલની નોંધ લીધા સિવાય ચાલે તેમ નથી. તેઓએ પણ તેમના ગ્રંથમાં આ પુસ્તકનો ઘણો આધાર લીધો છે. મરાઠા સમયના છેવટના ભાગનો તથા અંગ્રેજી સમયની શરૂઆતનો એમણે લખેલો ઈતિહાસ ઘણે ભાગે વિશ્વસનીય છે.*

**૩. પુસ્તકનું નામ : "અમદાવાદ-ગુજરાતનું પાટનગર"**
**લેખક : રત્નમણિરાવ ભીમરાવ જોટે,**
**પ્રકાશક : ભોગીલાલ પ્રભુદાસ પટેલ, મ્યુનિ. કમિશ્નર, મ્યુનિ. કોર્પોરેશન, અમદાવાદ, ૧૯૨૯.**
**(અ) લેખક પરિચય :**

*શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટેનો જન્મ ૧૭મી ઓક્ટોબર ૧૮૯૫ ના રોજ ભૂજમાં થયો હતો. તેઓનું મોસાળ અમદાવાદની અંદર આવેલા ખાડીયાની સાંકડી શેરીમાં હતું. આથી તેમનું હુલામણું નામ ભાણાભાઈ હતું. તેમના પ્રાથમિક શિક્ષણની શરૂઆત ભદ્રમાં આવેલ મિડલ સ્કૂલમાં અંગ્રેજી માધ્યમમાં થઈ હતી. ત્યારબાદ ઈ.સ. ૧૯૧૪માં આર.સી. હાઈસ્કૂલમાં તેમણે મેટ્રીકની પરીક્ષા પાસ કરી અને ઈ.સ. ૧૯૧૯માં ચોવીસ વર્ષની વયે સંસ્કૃત અને અંગ્રેજી સાથે ગુજરાત કોલેજમાંથી બી.એ. થયા. શ્રી રત્નમણિરાવનું જીવન અત્યંત સાદું હતું. તદ્દન સાદાં વસ્ત્રો, લાંબો કોટ, કાળી કે કથ્થાઈ ટોપી, ધોતિયું અને પગમાં સ્લીપર. અંગ્રેજ શાસનમાં ઉછર્યા હોવા છતાં પશ્ચિમની સંસ્કૃતિની તેમના પર બિલકુલ અસર નહોતી.*

*સૌ પ્રથમ એમણે "ગુજરાતની સંસ્કૃતિ અને ઈતિહાસનું વિહંગાવલોકન" નામે એક અભ્યાસપૂર્ણ લેખ લખ્યો. "કુમાર" નામના જાણીતા સામાયિકમાં શોધ નિબંધો લખવાનું શરૂ કર્યું. સોમનાથ મંદિરના પુનરુધ્ધાર વખતે આધારભૂત સંશોધન કર્યું. તેઓ હસ્તલિખિત કૌટુંબિક સાપ્તાહીક "ઘર સમાચાર" કાઢતા. તેની જાહેરાતો એક આકર્ષણનું કેન્દ્ર હતી. જેમ કે, "જોઈએ છે", "ખોવાયું છે", "વેચવાનું છે" વગેરે. તથા અંગ્રેજીમાંથી*

ગુજરાતીમાં અનુવાદ કરવાની તેમની ટેવના લીધે એકાદ અંગ્રેજી નવલકથાનો ગુજરાતી અનુવાદની કોલમ પણ દર હપ્તે તેમાં કરવામાં આવતો. 'ખંભાતનો ઈતિહાસ', 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ', 'ગુજરાતનું વહાણવટું', 'અમદાવાદ ગુજરાતનું પાટનગર', 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ઈસ્લામ યુગ (૧ થી ૪ ભાગ)' વગેરે તેમનાં જાણીતાં પુસ્તકો છે.

તેઓ જાણીતા ઉદ્યોગપતિ અને વિદ્વાન સર ચીનુભાઈ બેરોનેટ અને આચાર્ય આનંદશંકર ધ્રુવની સાથે ખૂબ જ નિકટના સંબંધો ધરાવતા હતા. તેઓને ઈ.સ. ૧૯૩૩ માં તેઓને રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા. ગુજરાતના આ જાણીતા ઈતિહાસવિદ્ તેમજ લેખકે ગુજરાતના સાહિત્ય, ઈતિહાસ અને સંસ્કૃતિના સંવર્ધન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. લાંબી બિમારી ભોગવી તેઓ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૫૫ના રોજ શનિવારે બપોર પછી સાડા ત્રણ વાગે પોતાના પરિવાર પત્ની, પુત્ર, પુત્રીઓ, જમાઈઓ સૌની હાજરીમાં અવસાન પામ્યા.

### (બ) પુસ્તક લખવાનો ઉદ્દેશ

અમદાવાદની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓને આ શહેરના ઈતિહાસ વિશે તથા તેના બેનમૂન સુંદર મનોહર સ્થાપત્ય વિશે તથા તેની સાંસ્કારિક અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ વિશે સંક્ષેપમાં પણ અદ્યતન શાસ્ત્રીય માહિતી આપતી એક માર્ગદર્શિકાની ખોટ ઘણાં સમયથી જણાતી હતી. ઈ.સ. ૧૯૫૧ માં કાંકરિયા તળાવના બાંધકામને પાંચસો વર્ષ પુરાં થતાં હોઈ કાંકરિયાના પંચ-શતાબ્દી મહોત્સવની ઉજવણી વખતે એક સચિત્ર પુસ્તિકા પ્રગટ કરવાનું કોર્પોરેશને ઠરાવ્યું. જે અર્થે સાત જેટલા ગૃહસ્થો-વિધાનોની એક સમિતિ નીમી. જેમાં શ્રી રત્નમણિરાવ ભીમરાવ, શ્રી ગૌરીશંકર જોષી (ધૂમકેતુ), શ્રી હરિનારાયણ આચાર્ય, શ્રી મનહરલાલ શુક્લ, શ્રી નીરુભાઈ દેસાઈ, શ્રી અંબાલાલ શાહ અને શ્રી બચુભાઈ રાવત હતા. આ સમિતિ તરફથી અમદાવાદના લબ્ધપ્રતિષ્ઠિત વિદ્વાન તવારીખકાર શ્રી રત્ન મણિરાવે અથાગ પરિશ્રમ લઈ આ પુસ્તિકા લખી. શહેરના તસ્વીરકારોએ ભિન્ન-ભિન્ન ઈમારતો તથા પ્રવૃત્તિઓની તસ્વીરોથી એને મઢી અને શ્રી બચુભાઈ રાવતે કુમાર કાર્યાલયના સ્વચ્છ, સુશોભિત મુદ્રણ દ્વારા એક સુરેખ કૃતિ ઉપસાવી. જેના પ્રકાશક ભોગીલાલ પ્રભુદાસ પટેલ - મ્યુનિસિપલ કમિશ્નર, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ છે.

### (ક) માહિતીનો સ્ત્રોત

ઉપર મુજબની સાત સભ્યોની બનેલી કમિટી અને તેમાં ખાસ કરીને શ્રી રત્નમણિરાવે શહેરના વિવિધ તસ્વીરકારોની પાસેથી તસ્વીરો મેળવી તથા તેને લગતી માહિતી નિષ્ણાત વ્યક્તિઓ પાસેથી તથા રૂબરૂ મુલાકાતો લઈને મેળવી, તેઓને સચિત્ર માહિતી આપવાવાળા મુખ્ય મુખ્ય કલાકારોમાં બર્જેશ કે જેમની પાસેથી તેમને સીદી સૈયદની જાળી, ત્રણ દરવાજાનું સંમુખ દર્શન, શાહ આલમના રોજાની જાળી, મુહાફિઝખાંની મસ્જિદ, રાણી સીપરીની મસ્જિદ, રાણી સીપરીની મસ્જિદનો મિનારો, શાહીબાગનો મહેલ, દાદા હરિની વાવ, દાદા હરિની વાવ ઉપરની છત્રી વગેરે જેવાં મહત્વનાં સ્થાપત્યો વિશે સચિત્ર માહિતી મેળવી.

અનંતકુમાર વ્યાસ જેવા બીજા નિષ્ણાત કલાકાર પાસેથી તેમણે ભદ્રના કિલ્લાનું દશ્યનું ચિત્ર, સરખેજમાં શેખ અહમદ ખટ્ટ રોજબક્ષનો રોજો, હઠીસિંહનું મંદિર, હઠીસિંહના મંદિરના મંડપની રચના, સ્વામીનારાયણનું મંદિર (કાલુપુર), ગાંધી પુલ, વિક્ટોરિયા ગાર્ડનમાંની મહારાણી વિક્ટોરિયાની પ્રતિમા, ઈલેક્ટ્રીસીટી-પાવર હાઉસ, કાપડ છાપવાનો અમદાવાદનો જૂનો ગૃહ ઉદ્યોગ વગેરે જેવાં મહત્વનાં સ્થળો વિશે સચિત્ર માહિતી મળે છે.

આ ઉપરાંત બલવન્ત ભટ્ટ, જયંતીલાલ મહેતા, રાજુ પટેલ, પ્રાણલાલ પટેલ, જેવા ઘણાં ખ્યાતનામ કલાકારો દ્વારા અમદાવાદનાં અનેક ઈતિહાસ, અર્થતંત્ર, સમાજ જીવન, સ્થાપત્યો તથા મહત્વનાં સ્થળોની સચિત્ર માહિતી મેળવીને તેમણે અમદાવાદના ઈતિહાસનું આલેખન કર્યું છે.

## (ક) "અમદાવાદ ગુજરાતનું પાટનગર" નું વિષયવસ્તુ

રત્નમણિરાવ ભીમરાવ જોટે દ્વારા લખવામાં આવેલા આ પુસ્તકમાં અમદાવાદ વિશે ખૂબ જ મહત્વની કહી શકાય તેવી સચિત્ર માહિતી આપવામાં આવેલી છે. કુલ ૭૬ પાનાની અંદર દરેક પાના ઉપર નિષ્ણાત કલાકારો દ્વારા લેવામાં આવેલા સુંદર ફોટોગ્રાફ્સ મૂકવામાં આવેલા છે, જેમાં સૌથી ૧ લા પાને જેનું વિશ્વના ઈતિહાસમાં અલગ સ્થાન ગણાય છે એવી સીદી સૈયદની મસ્જિદની જગવિખ્યાત જાળીઓ પૈકીની એક છે તેનો ફોટોગ્રાફ મૂકવામાં આવેલો છે અને છેલ્લા એટલે કે ૭૬માં પાને પ્રાચીન અને અર્વાચીન એમ બે સમયગાળા દરમ્યાનના અમદાવાદને એક સાથે દર્શાવતો એક સુંદર ફોટોગ્રાફ્સ મૂકવામાં આવ્યા છે.

તેઓ જણાવે છે કે, આજનું અમદાવાદ જે છે તેનું પ્રાચીન નામ શ્વભ્રદેશ છે અને સાબરમતીનું પ્રાચીન નામ શ્વભ્રવતી છે. પુરાણોમાં જણાવ્યા મુજબ આ ભૂમિ ઉપર પ્રસિધ્ધ દધિચી ઋષિનો આશ્રમ હતો. જેમણે દેવાસુર સંગ્રામમાં દેવોને વિજય અપાવવા પોતાનો દેહ આપ્યો હતો. એ જ ઈતિહાસના પુનરાવર્તનના ચમત્કારની જેમ આ જ ભૂમિ ઉપરથી અહિંસા ધર્મનું પાલન કરી ભારતના રાષ્ટ્રપિતાએ આસુરી શક્તિ અને સંપત્તિનો વિરોધ કરી દધિચી ઋષિની પેઠે દેહ અર્પણ કર્યો. બીજા અનેક ઉચ્ચ કોટિના મહાત્માઓ આ ભૂમિ ઉપર થયા અને તેમણે અમદાવાદને પુણ્યભૂમિ સાબિત કરી.

ત્યારબાદ ભીલોની ખાંટ શાખાના આશા નામના કોઈ પ્રસિધ્ધ ભીલ રાજાએ અહિંયા આશાપલ્લી કે આશાવલ નામનું નગર બનાવ્યું હતું જે આજના જમાલપુર દરવાજા બહાર કેલિકો મીલની આસપાસ હતું. અહિંયા અનેક જૈન-બ્રાહ્મણ પ્રસિધ્ધ મંદિરો હતાં. ગુજરાતના કલિકાલ સર્વજ્ઞ હૈમચંદ્રાચાર્ય અહિંયા ભણેલા. ખંભાત એ સમયે ગુજરાતનું મહત્વનું બંદર હતું. તે વખતે રાજધાની પાટણ હતી છતાં આશાવલનું મહત્વ ઘણું વધારે હતું.

ચૌદમી સદીના પ્રારંભમાં ગુજરાતમાં રજપૂત સત્તાનો અંત આવ્યો અને દિલ્હી સલ્તનતના સુબાઓ પાટણમાં રહી વહીવટ કરવા લાગ્યા. અલાઉદ્દિનનો સુલતાન ઉલુઘખાન આશાવલમાં રહેલો. તથા દિલ્હીનો સુલતાન

મુહંમદ તઘલખે પણ આશાવલમાં છાવણી નાંખેલી. પાટણમાં ગુજરાતની સૌપ્રથમ સ્વતંત્ર મુસલમાન સલ્તનતની સ્થાપના થઈ. જેના પહેલા સુલતાન મુઝફ્ફરશાહના પૌત્ર અહેમદ શાહે આશાવલને લશ્કરી તેમજ તમામ દૃષ્ટિએ મહત્વનું લાગવાથી આશાવલને અડોઅડ સપાટ ભૂમિ પસંદ કરી અને કિલ્લો બાંધ્યો. તેને પોતાના નામથી અહમદાબાદ એવું નામ આપ્યું. જેનું નામ પાટણના કિલ્લાની જેમ જ ભદ્ર રાખ્યું. ઈ.સ. ૧૪૧૧ માં આ ભદ્ર મહેલ બાંધ્યો અને પૂર્વ તરફ જામા મસ્જિદ બાંધી અને બંનેની વચ્ચે ત્રણ દરવાજા બાંધ્યા. ત્યારબાદ અહેમદશાહના પૌત્ર મહેમૂદ શાહ બેગડાએ શહેરના રક્ષણની જરૂરિયાતને ધ્યાનમાં રાખી શહેરની ફરતે કોટ બનાવ્યો અને તેના કુલ-૧૨ દરવાજાઓ કે જેનાં નામ તેણે તેના મોટા અમીરો અથવા મિત્રોના નામથી આપ્યા. બહાદુર શાહે હુમાયુ સાથે વેર બાંધ્યું અને છેવટે દીવ પાસેના સમુદ્રમાં ફિરંગી લોકોએ તેને દગાથી મારી નાંખ્યો. ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફર શાહ ત્રીજાની પાછળ અકબરનું લશ્કર પડતાં તેણે સૌરાષ્ટ્રના હાલોરમાં આપઘાત કર્યો. ઈ.સ. ૧૫૭૩માં અમદાવાદમાં અકબરનું રાજ્ય સ્થિર થયું. જહાંગીરના સમયમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સૂરતમાં અને ત્યારબાદ અમદાવાદમાં પોતાની કોઠી સ્થાપી. ઈ.સ. ૧૮૧૮માં અંગ્રેજોએ અમદાવાદને જીતી લીધું અને પહેલા અંગ્રેજ કલેક્ટર મિ. ડનલોપે શહેરનો કબજો લીધો. ઈ.સ. ૧૮૧૯માં મોટો ધરતીકંપ આવતાં શહેરનાં ઘણાં મકાનો અને મસ્જિદો તૂટી ગયાં. ઈ.સ. ૧૮૪૬ માં મ્યુનિસિપાલિટીની શરૂઆત થઈ. અને ઈ.સ. ૧૮૪૯માં ભદ્રના કિલ્લા ઉપર રૂા. ૮,૦૦૦/- ના ખર્ચે મોટું ઘડિયાળ મૂકવામાં આવ્યું.

ઈ.સ. ૧૮૫૭-૫૮ માં બળવા વખતે અમલદારોએ સમયસૂચકતા વાપરી શહેરમાં તોફાની તત્વોને લશ્કરમાં ભરતી કરવાના બહાને પગારો આપી શહેરમાં તોફાનો અટકાવી રાખ્યાં. ઈ.સ. ૧૮૬૪માં કાલુપુર દરવાજા બહાર રેલ્વે સ્ટેશન શરૂ થયું. ઈ.સ. ૧૮૬૮માં અને ઈ.સ. ૧૮૭૫માં ભયંકર મોટાં પૂર આવ્યાં. આ ઉપરાંત, અમદાવાદના બગીચા, અમદાવાદનાં પરા, અમદાવાદના વેપાર-ઉદ્યોગો, અમદાવાદનો મિલ-ઉદ્યોગ, તળાવો વિગેરેની માહિતી આ પુસ્તકમાંથી મળી આવે છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆત પણ અમદાવાદના વાડજ પાસે સ્થાપેલા ગાંધી આશ્રમથી થઈ. દાંડીકૂચ પણ અહીંથી જ શરૂ થઈ અને અસહકારની લડત દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ અને ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટી પણ સ્થપાઈ. આમ, અમદાવાદ વિશેની ખૂબ જ સચોટ અને ઊંડી તથા રસપ્રદ માહિતી આપણને આ પુસ્તકમાંથી મળી રહે છે.

## ૪. અમદાવાદના ઈતિહાસ વિશેના બે ગુજરાતી ગ્રંથોની તુલના

ઉપરોક્ત બંને પુસ્તકો અને બંને લેખકોની સરખામણી કરવી એ ઈતિહાસના વિદ્યાર્થી તરીકે ખૂબ જ મુશ્કેલીભર્યું કામ છે. છતાં વિચારીએ તો "અમદાવાદનો ઈતિહાસ" મગનલાલ વખતચંદ શેઠે જે પુસ્તક લખ્યું તેનો ઉદ્દેશ વર્નાક્યુલર સોસાયટીની નિબંધ સ્પર્ધામાં શ્રેષ્ઠ આવવાનો હતો. જેના માટે તેમણે પોતાની અંગ્રેજી, હિન્દી, ગુજરાત અને મરાઠી ભાષા ઉપરની પકડનો ઉપયોગ કરી અનેક પુસ્તકોનું અધ્યયન કરી પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી. જ્યારે શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટેએ જે પુસ્તક લખ્યું તેની પાછળ તે સમયના અમદાવાદ મ્યુનિસિપાલિટીના પદાધિકારીઓનો એવો ઉદ્દેશ હતો કે અમદાવાદની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓને આ શહેરનાં ઈતિહાસ વિશે સચિત્ર માહિતી પુસ્તિકા મળી રહે.

તદ્ઉપરાંત મગનલાલ વખતચંદ શેઠ એ ઈતિહાસવિદ્ કરતાં વધુ સાહિત્યિક હતા. જ્યારે રત્નમણિરાવ ભીમરાવ જોટેએ ઈતિહાસના માટે ખૂબ જ જરૂરી એવા દસ્તાવેજોનો આધાર સાથેનો ઈતિહાસ લખવાનો પ્રયત્ન કર્યો છે. એટલે મારી દૃષ્ટિએ રત્નમણિરાવ ભીમરાવ જોટેનું પુસ્તક વધુ ઐતિહાસિક અને માહિતીપ્રદ છે.

ઉપર મુજબની હકીકતો ઉપરથી એવું કહી શકાય કે બંને વિદ્વાનો પોતપોતાની જગ્યાએ બરાબર જ હતા. બંનેનાં લખાણોથી આપણને અમદાવાદ વિશેની માહિતી ખૂબ જ સરસ મળી આવે છે. મગનલાલ વખતચંદ શેઠે સૌ પ્રથમ વખત "અમદાવાદનો ઈતિહાસ" લખ્યો હોઈ તેનું આગવું સ્થાન છે. તો તેની સાથે-સાથે રત્નમણિરાવ જોટેએ "અમદાવાદ-ગુજરાતનું પાટનગર" નામનું ઈતિહાસનું સચિત્ર અને માહિતીસભર પુસ્તક આપ્યું હોઈ તેને ઈતિહાસમાં વધુ મહત્વનું ગણી શકાય તેમ છે. શેઠ મગનલાલ વખતચંદે અમદાવાદનો ઈતિહાસ ઈ.સ. ૧૮૫૧માં લખેલો છે. તેની સામે શ્રી રત્નમણિલાલ ભીમરાવ જોટેએ અમદાવાદ-ગુજરાતનું પાટનગર એ ગ્રંથ ૧૯૨૯માં લખેલો છે. આ બંને વચ્ચે ૭૦ વર્ષ જેટલો સમયગાળો રહેલો છે. આ બંને લેખકોએ તેમના સમયના અમદાવાદની સામાજીક, ધાર્મિક, આર્થિક, સાહિત્યિક, રાજકીય અને સ્થાનિક પરિસ્થિતિ અલગ અલગ હોવા છતાં જે તે પરિસ્થિતિઓનું વર્ણન ખૂબ જ સચોટ રીતે કરવામાં બંને લેખકોની વિદ્વતા જણાઈ આવે છે.

આશા રાખું છું કે મારા આ પેપરમાંથી જિજ્ઞાસુ વાચકોને માહિતી મળી રહેશે.
આભાર.

**સંદર્ભસૂચિ**

૧. આચાર્ય, ન.આ. (૧૯૭૩). 'ગુજરાતનો સોલંકી કાલિન ઈતિહાસ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્ર.આ.

૧. પરીખ, રસિકલાલ છોટાલાલ અને હરિપ્રસાદ ગંગારામ શાસ્ત્રી(૧૯૭૭). 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' – ગ્રંથ-૧, ૩, ૪ અને ૫, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૭૨, ૧૯૭૪, ૧૯૭૬ અને ૧૯૭૭.

૨. રાજગોર, શિવપ્રસાદ (૧૯૭૪). 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્ર.આ.

૩. જોટે, રત્નમણિરાવ ભીમરાવ, (૧૯૨૯). 'અમદાવાદ ગુજરાતનું પાટનગર', અમ.મ્યુ.કો., અમદાવાદ,

૪. શેઠ, મગનલાલ વખતચંદ, (૧૮૫૧). 'અમદાવાદનો ઈતિહાસ', ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ઈ.સ.